જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૭/૨૦૨૨ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૫૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨ | ૪,૨૬,300/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશનઃ

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ”

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૧૭૭ /૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૩૩૭ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૨)નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫ ૨૧૦૧૮૨/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૩) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૨૦૨૦૩/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૨૪, ૩૩૭, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ (૪) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૨૦૭૪૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૩૭, ૩૩૮, ૨૯૪(ખ), ૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એકટ કલમ ૩(૧), (R,S) તથા (૩), (૨), (૫-A) મુજબના ગુનાઓના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા /૭૪૮/૨૦૨૨ તા.૩૦/૦૭/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૩૦/૦૭/૨૦૨૨ ના કલાક-૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૩૦/૦૭/૨૦૨૨

**આરોપીનુ નામ**

આકાશ ઉર્ફે કુલ્લી દશરથભાઇ ચુનારા ઉ.વ.૨૨ રહે:મોટો ચુનારાવાસ મામા કલ્યાણ સામે, નરોડા

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી**

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ગજેન્દ્રસિંહ રૂપનસિંહ બ.નં.૮૪૨૨ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો.જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૫૩ લીટર દેશી દારૂ, ૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૯ બિયર ટીન, ૧ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૬૦/૨૦૨૨**

**ઓઢવઃ** નંદલાલ તોલારામ અગ્રવાલ (રહે. આશિર્વાદ સ્ટેટસ મનમોહન ચાર રસ્તા પાસે સામવેદ સોસાયટી પાછળ નીકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૭/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૩૦/૦૭/૨૦૨૨ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ અંબિકાનગર જી.આઇ.ડી.સી. શેડ નંબર-૯ તથા ૧૦ માં "ગણપતી એન્ટરપ્રાઇઝ પ્રા.લી." નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોલ્ડર મટીરીયલના પીસ નંગ-૧૬ કિંમત રૂપિયા ૨,૪૯,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૩૬૧/૨૦૨૨**

**પાલડીઃ** કિશોરભાઈ રસીકભાઈ શાહ (ઉ.વ.૬૨) (રહે. સૃષ્ટી એપાર્ટમેન્ટ સંજીવની હોસ્પિટલ પાસે જૈનનગર પાલડી) તા.૨૭/૦૭/૨૦૨૨ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે એચ.એમ.આંગડીયા પેઢીમાંથી રૂપિયા ૨,૪૯,૦૦૦/- મેળવી પોતાના એક્ટીવાની ડેકીમાં મુકી પાલડી ઉપવન ફ્લેટ જૈનનગર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષે એક્સીડન્ટ કર્યાનુ જણાવી કિશોરભાઈ શાહને રોકી વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા. દરમ્યાન અન્ય એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કિશોરભાઈ શાહના એકટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,૪૯,૦૦૦/- લુંટ કરી બન્ને મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિશોરભાઈ શાહ એ તા.૩૦/૦૭/૨૦૨૨ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રીમતિ રિદ્ધિ કે.દવે ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૨/૨૦૨૨</u>**

**એલીસબ્રીજઃ** કમલેશભાઇ દિલીપકુમાર ટેવાણી (ઉ.વ.૩૯) (રહે. જે.પી.બંગ્લોઝ માયા સિનેમા રોડ સિંધુ હોસ્પિટલ પાસે કુબેરનગર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે એન.કે.આંગણીયા પેઢી ખાતેથી કમલેશભાઇ ટેવાણી રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મેળવી એલીસબ્રીજ ધુળીયાકોર્ટ સર્કલ પાસે કવી નાન્હાલાલ બ્રીજ ઉપરથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કમલેશભાઇ ટેવાણી ને રોકી પોતાની મોટર સાયકલ સાથે થયેલ એક્સીડન્ટ બાબતે કમલેશભાઇને વાતોમાં વ્યસ્ત રાખી તેમની નજર ચુકવી કારમાંથી રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** મોઇનુદ્દિન સિરાજુદ્દિન શેખ (ઉ.વ.૩૪) (રહે. યુસરા રેસીડન્સી ગાયત્રી સોસાયટી પટેલવાસ દાણીલીમડા ગામ) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના એક્ટીવાની ડેકીમાં રોકડ રૂપિયા ૨,૪૮,૦૦૦/- મુકી અમરાઇવાડી અનુપમ સિનેમા પહેલા સૌજન્ય ફ્લેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષે મોઇનુદ્દિન શેખને રોકી વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા. દરમ્યાન અન્ય એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મોઇનુદ્દિન શેખના એકટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,૪૮,૦૦૦/- કાઢી લઈ બન્ને મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નવનીતભાઇ નરોતમભાઇ ચલાવે છે.

**<u>ખાડાના પાણીમાં ડુબી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૩/૨૦૨૨</u>**

**નારોલઃ** નારોલ વટવા કેનાલ, મુસ્કાન પાર્ક પાસે, સંજરીનગર બાબુલાલ-૦૨ બુરહાની ફ્લેટ ખાતે રહેતા મોહમદએહમદ અબ્દુલગફાર અંસારી નાઓનો બાર વર્ષનો પુત્ર અબુહમજા તા.૩૦/૦૭/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે વટવા કેનાલ પાસે વરસાદી પાણીના ખાડામાં નાહવા પડતા ડુબી જતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી